


અરવિંદ કેન્દ્ર ખાતે સતસંગી ગાંડાભાઈ પટેલના જન્મ દિન નિમિત્તે ધ્યાન અને યોગના વર્ગનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# સચિવાલય જિમખાના સે. ૨૧ ખાતે કોચીંગ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

સચિવાલય જિમખાના, સેક્ટર-૨૧ દ્વારા તા. ૨૯-૪-૧૪થી તા. ૨૦-૫-૧૪ સુધી જિમખાના ખાતે ક્રિકેટ, ટેનીસ, સ્કેટીંગ, બેડમીંટન, સ્વીમીંગ, ટેબલ-ટેનીસ, ટેક વાન ડૉ, પૂલ-સ્નૂકર વગેરે રમતના કોચીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોચીંગ કેમ્પમાં રમતના નિષ્ણાત કોચ દ્વારા જે તે રમતનું પદ્ધતિસરનું કોચીંગ આપવામાં આવશે. આ કોચીંગ કેમ્પમાં ભાગ લેવા માટેના ફોર્મ તથા અન્ય નિયમોની વિગતો તા. ૧૮-૪-૧૪ થી સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ તથા સાંજે ૪.૦૦ થી ૮.૦૦ દરમિયાન જિમખાના ખાતેથી ઉપલબ્ધ થશે. આ બાબતે કોઈ પણ પ્રકારની પૂછપરછ જિમખાનાના ફોન નં. ૨૩૨-૬૦૦૫૯ પણ કરી શકાશે. આ કોચીંગ કેમ્પનો લાભ લેવા માટે ગાંધીનગરની જનતાને અપીલ કરવામાં આવી છે.

# સે. ૩૦ ઝૂલેલાલ મંદિરનો સ્થાપના દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૭

સેક્ટર-૩૦માં આવેલ ઝૂલેલાલ મંદિર ખાતે મંદિરનો છઠ્ઠો સ્થાપના દિવસ ઉજવવામાં આવશે. તા. ૨૦ એપ્રિલ રવિવારના રોજ સ્થાપના દિવસ ઉજવાશે. આ પ્રસંગે સવારે ભગવાનની પૂજા અર્ચના અને હવન કરવામાં આવશે. જેની પૂર્ણાહુતિ બપોરે ૧૨.૦૦ વાગે કરવામાં આવશે. આ પ્રસંગે શહેરીજનોને દર્શનનો લાભ લેવા સિંધી પંચાયત દ્વારા જણાવવામાં આવ્યું છે.

# જી.ઈ. ક્લબ શહેરના બાળકોને સંગીતની તાલીમ આપશે

જી.ઈ. ક્લબ ગાંધીનગર દ્વારા બાળકો માટે સમરકેમ્પ-૧૪નું આયોજન મહિલા સિવણ વર્ગ સેક્ટર-૨૨ અને નાણાવટી સ્કૂલ સેક્ટર-૯ ખાતે કરવામાં આવ્યું છે. પરીક્ષાઓ પૂર્ણ થતા વિદ્યાર્થીઓ ભણતરના ભારણથી મુક્ત થયા છે. ત્યારે જી.ઈ. ક્લબ ગાંધીનગર દ્વારા તા. ૨૦ એપ્રિલથી શહેરના સેક્ટર-૨૨માં આવેલ મહિલા સિવણવર્ગ અને નાણાવટી સ્કૂલ સેક્ટર-૯ ખાતે સમરકેમ્પ-૧૪ યોજવામાં આવશે.

સમરકેમ્પમાં ૮ થી ૧૪ વર્ષના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. જેમાં બાળકોને કરાટે, અભિનય, વેસ્ટર્ન ડાન્સ, રાજસ્થાન નૃત્ય, ગીટાર, કી. બોર્ડ, તબલા વાદનની તાલીમ આપવામાં આવશે. તાલીમના અંતે તાલીમાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. તેમજ વધુ માહિતી માટે ૯૦૧૬૯-૬૨૬૪૩૫૨ સંપર્ક કરવો.

# સેક્ટર-૬ના બગીચામાં યોગાસન શિબિર યોજાશે

પ્રેરણા વ્યાયામ શાળા દ્વારા તા. ૧૮મી એપ્રિલથી ૨૭મી એપ્રિલ સુધી યોગાસન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. હસમુખભાઈ પટેલ દ્વારા પ્રાણાયામ, ધ્યાન, આસનો શીખવાડશે. પ્રેરણા વ્યાયામ શાળા ટ્રસ્ટીશ્રી પ્રદિપસિંહ બિહોલાએ આ શિબિરનો લાભ લેવા જણાવેલ છે. સે. ૬નો બગીચો સવારે ૬ થી ૭ યોજાશે. શિબિરમાં ભાગ લેનાર શેતરંજી લાવવાની રહેશે.

# સે. ૧૪માં ભાજપના કાર્યકરોની બેઠક યોજાશે

ભારતીય જનતા પાર્ટીએ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને દેશના વડાપ્રધાન બનાવવા કમર કસી લીધી છે. દરેક ક્ષેત્રમાં નાના-મોટા તમામ હોદ્દેદારો અને કાર્યકરો ભાજપને વિજયી બનાવવા તમામ તાકાત લગાવી રહ્યા છે. ભાજપના સીનીયર કાર્યકર અને નિવૃત્ત આઈએએસ અધિકારી ઝવેરભાઈ ચાવડા જેઓ હાલ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના ચેરમેન છે. તેઓએ તા. ૨૧મી એપ્રિલ સેક્ટર-૧૪માં સાંજે ૪ વાગે ભાજપના કાર્યકરોની એક બેઠક સંબોધવાના છે. આ બેઠક ગાંધીનગરના વોર્ડ નં. ૬માં આવતા સે-૧૪માં ભાજપના વોર્ડ પ્રમુખ વસંતભાઈ રાઠોડના નિવાસસ્થાને યોજાશે. ઝવેરભાઈએ નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવવા અડવાણીને ગાંધીનગરથી જીતાડવા કાર્યકરોને હાકલ કરેલ છે.

# ચાણક્ય એવોર્ડથી સન્માનીત કરાયા

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પૂર્વપ્રમુખ હસમુખ ઠાકરને ચાણક્ય એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા. ૧૩ના રોજ કિડની ઈન્સ્ટીટ્યુટ અમદાવાદ ખાતે બ્રહ્મસમાજનું સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં શહેરના બ્રહ્મસમાજના અગ્રણી પૂર્વ પ્રમુખ અને સલાહકાર હસમુખ ઠાકરને ચાણક્ય એવોર્ડથી સન્માનીત કરાયા હતા.

# આજે પ્રતિભા અડવાણી ડોર ટુ ડોર પ્રચારનો પ્રારંભ કરશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં હવે મતદાન થવામાં માત્ર ગણતરીના જ દિવસો રહ્યા છે ત્યારે રાજકીય પક્ષોએ પ્રચાર અંગેની ગતિવિધિ તેજ કરી દીધી છે. ભારતીય જનતા પાર્ટીના મોવડી અને ગાંધીનગર લોકસભા બેઠકના ઉમેદવાર લાલકૃષ્ણ અડવાણી માટે તેમના પુત્રી પ્રતિભા અડવાણી કઠોર પરિશ્રમ કરી રહ્યા છે. આવતી કાલે તેઓ સેકટર-૨૧થી ડોર ટુ ડોર પ્રચારની શરૂઆત કરવાના છે.

ભાજપના મીડીયા કન્વીનર જીજ્ઞેશ જોષીએ આપેલ માહિતી મુજબ પ્રતિભા અડવાણી આવતી કાલે સવારે ૯.૩૦ વાગ્યાથી સે-૨૧માં આવેલ પંચશીલ સોસાયટીમાંથી ઘરે ઘરે જઈને તેમના પિતા અડવાણી માટે પ્રચાર કરશે. તેમની સાથે આ બેઠકના પ્રભારી વાડીલાલ પટેલ, મેયર મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને શહેર ભાજપ પ્રમુખ નિતીનભાઈ પટેલ સહિત વોર્ડના હોદ્દેદારો અને કાર્યકરો પણ જોડાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે પ્રતિભા અડવાણીએ શરૂઆતથી જ તેમના પિતા માટે પ્રચારની બાગડોર સંભાળી છે અને સમગ્ર વિસ્તારમાં સતત ઘૂમી તેમણે કઠોર પરિશ્રમ કરતા કાર્યકરોમાં પણ ઉત્સાહ વ્યાપેલો જોવા મળે છે. પ્રતિભા અડવાણીની હાજરીના કારણે ભાજપના મહિલા મોરચાના કાર્યકર્તાઓ પણ પ્રોત્સાહિત થયા છે.

# ભાજપ અનુસૂચિત જાતિ મોરચો ભાજપને વિજયી બનાવવા બેઠકો યોજશે

ગાંધીનગર, તા. ૧૭

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવવા માટે ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા પ્રચાર અભિયાન અને બેઠકો યોજી મતદારોને ભાજપ તરફી મતદાન કરવા અપીલ કરવામાં આવી રહી છે.

મોરચા દ્વારા આગામી સમયમાં ચૂંટણીની રણનીતિ ઘડવા માટે તા. ૧૯ એપ્રિલના રોજ અમદાવાદ ખાતે તા. ૨૧ એપ્રિલના રોજ સેક્ટર-૧૪ ગાંધીનગર ખાતે, તા. ૨૨ એપ્રિલના રોજ દહેગામ ખાતે, તા. ૨૩ એપ્રિલના રોજ દાણીલીમડા ખાતે, તા. ૨૪ના રોજ મેઘાણીનગર ખાતે અને તા. ૨૬ના રોજ બાવળા અમદાવાદ ખાતે બેઠક યોજવામાં આવશે.

બેઠકમાં નરેન્દ્ર મોદીના ગુજરાતમાં સુશાસનમાં થયેલી પ્રગતિથી વાકેફ કરવામાં આવશે અને નરેન્દ્ર મોદીને દેશના પ્રધાનમંત્રી બનાવવા માટે ખભે ખભા મિલાવી કમળના નિશાન પર વોટ આપવા માટે અપીલ કરવામાં આવસે. તમામ બેઠકમાં ભાજપના કાર્યકરોને ઉપસ્થિત રહેવા માટે પૂર્વ ભાજપ ઉપાધ્યક્ષ ઝવેરભાઈ ચાવડા, કોર્પોરેટર ગોવિંદભાઈ પરમાર, વોર્ડ નં. ૬ના મહામંત્રી કે.આઈ. પટેલે અનુરોધ કર્યો છે.



## ગૌમાસ સાથે ઝડપાયેલા બંને કસાઈ પાસા હેઠળ ધકેલાયા

ગાંધીનગર જીલ્લા ના કલોલ તાલુકામાં સાંતેજ પાસે થી ૩૦૦૦ કિલો ગૌમાંસ ના જથ્થા સાથે ૨ કસાઈઓ પકડાયા હતા.એસ.પી.ની સુચનાથી કલોલ તાલુકા પી.આઈ. બી. એન. દવે એ તે બંને આરોપીઓ ની પાસા કરવા કલેકટર ને દરખાસ્ત કરી હતી.દરખાસ્ત મંજુર થઈ જતા ગઈ કાલે કલોલ પોલીસે બંને આરોપી લાલભાઈ ઉર્ફે સલીમ હુસેનભાઈ અજમેરી અને સદામહુસેન પીરુભાઈ અજમેરી ને પકડીને પાસા હેઠળ વડોદરા જેલમાં મોકલી દીધા છે.

# રાત્રે વાહનચાલકોને અભદ્ર ઈશારા કરતી ૪ રૂપલલના ઈન્ફોસિટીથી પકડાઈ

ગાંધીનગર-તા-૧૭

ગાંધીનગરમાં ગઈ કાલે કોમ્બિંગનાઈટ દરમ્યાન સે.૭ પોલીસ ઈન્સ્પેક્ટર જે.એમ.ભરવાડ રાત્રે પેટ્રોલિંગ માં હતા ત્યારે ઈન્ફોસિટી વિસ્તારની પાસે ઝાડીઓ ની સામે ઉભા ઉભા ૪ યુવતીઓ રોડ પર અવર જવર કરતા વાહન ચાલકો ને અભદ્ર ઈશારા કરતા નજરે ચડી હતી.ચારેય રૂપલલનાઓ ગ્રાહક ની શોધ માં હતી.અમદાવાદ થી આવતી ચારેય યુવતીઓ ને પકડીને સે.૭ પોલીસે ઈમોરલ ટ્રાફિક નો ગુનો નોંધીને કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગાંધીનગર જિલ્લા સેવા સદન ખાતે મતદાન જાગૃતિ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૧૭

ભારતીય ચૂંટણી પંચ તથા ભારત સરકારના માહિતી અને -સારણ મંત્રાલયના ક્ષેત્રીય -દર્શન



કાર્યાલય, અમદાવાદ દ્વારા મતદાન જાગૃતિ અર્થે યોજાયેલ -દર્શને આજરોજ ૬- ગાંધીનગર સંસદીય મતવિભાગ માટે નિમાયેલા ખર્ચ નિયંત્રણ નિરીક્ષક શ્રી પવનકુમાર ખેતાનના હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

આ -દર્શનમાં મતદારોમાં મતદાન અંગે જાગૃતિ કેળવાય તથા મતનું મહત્વ દર્શાવતા સૂત્રો મુકવામાં આવ્યા છે. તે ઉપરાંત -દર્શનમાં મહિલાઓની હિસ્સેદારી, યુવા શક્તિ, ઈલેકટ્રોનિક વોટિંગ મશીન લોકશાહીનું અદ્દભૂત યંત્ર, મતદાન માટે ઉમટેલા વધુ મતદારો, વૃધ્ધજનો અને શારીરિક રીતે અશક્ત લોકો માટે મતદાન કરવાની ખાસ વ્યવસ્થા, ૧૬૫૦૦ ફીટની ઉંચાઈએ હિમવર્ષા વચ્ચે મતદાન અધિકારીઓની ટુકડીની ૪૮ કલાકની પદયાત્રા, ભારતીય ચૂંટણી પંચની એક ઝલક તથા ચૂંટણી અને મીડિયા જેવા અનેક આકર્ષક ફોટોગ્રાફ તથા ૨સ-દ વિગતો મુકવામાં આવ્યા છે.

આ -દર્શન તા. ૧૭ થી ૧૯મી એ-િલ, ૨૦૧૪ સુધી યોજાનાર છે. -દર્શન સામાન્ય નાગરિકો માટે ત્રણ દિવસ સુધી દરરોજ સવારના ૧૦.૩૦ થી ૬.૦૦ કલાક સુધી ખુલ્લું રહેશે. સર્વે નાગરિકને લોકશાહી દેશ ભારતની ચૂંટણી સંબંધિત મહત્વની માહિતી અને ફોટોગ્રાફનું -દર્શન નિહાળવા જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પી.સ્વરૂપ અને ડી.એ.વી.પીની ક્ષેત્રીય -દર્શન કચેરી દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ -દર્શનના ઉદ્દઘાટન સમારંભમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ધર્મેશભાઈ પટેલ, ગાંધીનગર -ંત અધિકારી શ્રી સુધીરભાઈ પટેલ, ભારત સરકારના માહિતી અને -સારણ મંત્રાલય -ક્ષેત્રીય -દર્શન કાર્યાલય, અમદાવાદના અધિકારીઓ, ગાંધીનગર મામલતદાર શ્રી ડી.જી.મોદી સહિત મોટી સંખ્યામાં અધિકારી, કર્મચારીઓ અને નાગરિકો ઉપસથિત રહયાં હતાં.

# કેનેડાના વિઝાને બહાને કરોડોનું ફૂલેકું ફેરવનાર દિનેશ ઝડપાયો

## કેટલાય લોકોને કાયમી વિઝા અપાવવાની લાલચ આપીને રૂપિયા ખંખેર્યા હોવાની ફરિયાદ થઇ હતી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર સે.૧૬ ખાતે આવેલી ઓમ ઈમિગ્રેશનના માલિક સહીત કર્મચારીઓ એ મળીને ગાંધીનગર તથા આસપાસના લોકોને કેનેડા ના કાયમી વિઝા અપાવી દેવાની લાલચ આપીને કરોડો રૂપિયાનું કૌભાંડ આચર્યુ હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.સે.૨૧ પોલીસ ધીમી ગતિએ તપાસ કરતી હોવાના અક્ષેપ થતા સમગ્ર તપાસ એલ.સી.બી ને સોંપી દેવામાં આવી હતી.આજે ઓમ ઈમિગ્રેશનના કૌભાંડી સંચાલક દિનેશ પટેલની એલ.સી.બી ની ટીમે ધરપકડ કરી લીધી છે.આરોપીની ધરપકડ કરીને કૌભાંડ ની ઝીણવટભરી તપાસ શરુ કરવામાં આવી છે.

શહેરના સેકટર-૧૬મ આવેલી ઓમ ઈમિગ્રેશન ની



ઓફીસમાં બેસતા માલિક દિનેશ મણીભાઈ પટેલ તથા તેમાં કામ કરતા માણસો મળીને છ જણા એ કેનેડા ના કાયમી વિઝા અપાવી દેવાની લાલચ આપીને કેટલાય લોકોને લાખો રૂપિયામાં સુવડાવી દઈ કરોડોનું કૌભાંડ આચર્યું હોવાનું બહાર આવતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.કૌભાંડ બહાર પડતા અન્ય ભોગ બનનાર વ્યક્તિઓએ પણ સે.૨૧ પોલીસ નો સંપર્ક સાધ્યો હતો.સમગ્ર કૌભાંડ ની તપાસ ચલાવતી સે.૨૧ પોલીસ ધીમી ગતિએ તપાસ કરતી હતી જેને પગલે એલ.સી.બી ને તપાસ સોપવામાં આવતા એલ.સી.બી એ તપાસ શરુ કરી હતી.આટલા દિવસોથી નાસતા ફરતા કૌભાંડી મુખ્ય સુત્રધાર દિનેશ પટેલ ની આજે એલ.સી.બી ની ટીમે ધરપકડ કરી લીધી છે.બીજા કેટલા લોકોને કૌભાંડ ના સાણસા માં લીધા હતા તે સહિતની ડી તપાસ પી.આઈ આશુતોષ પરમારે શરુ કરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૧
સૂર્યાસ્ત : ૬.૫૮

## તાપમાન

મહત્તમ : ૩૯.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૩૬ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્કીન-૧ :
૨ સ્ટેટસ્ વન લવ : ૧૨.૩૦,૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્કીન-૩ :
રીઓ-૨ (અંગ્રેજી) ૩ડી : ૩.૦૦, ૫.૦૦
કેપ્ટન અમેરિકા (અંગ્રેજી) ૩ડી : ૭.૦૦
: સ્કીન-૪ :
મે તેરા હીરો : ૧૨.૦૦, ૨.૩૦, ૧૦.૦૦
લકી કબુતર : ૪.૪૫ ● રેસ ગુર્રમ (તેલુગુ) : ૭.૦૦
જલ : ૪.૦૦ ● રેસ ગુર્રમ (તેલુગુ) : ૭.૦૦
: સ્કીન-૫ :
૨ સ્ટેટસ્ વન લવ : ૧૦.૦૦
ભૂતનાથ રીર્ટન : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
: સ્કીન-૬ :
ભૂતનાથ રીર્ટન : ૧૨.૩૦ ● મે તેરા હીરો : ૧૦.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૬.૩૦
લકી કલૂતર : ૪.૪૫

### સિને મેક્સ

: સ્કીન-૧ :
મે તેરા હીરો : ૯.૧૫, ૩.૦૦, ૧૦.૪૫
કેપ્ટન અમેરિકા (હિન્દી) : ૧૨.૦૦, ૩.૦૦
૩ડી રીયો (હિન્દી) : ૫.૪૫
નમો સૌને ગમો (ગુજરાતી) : ૮.૦૦
: સ્કીન-૨ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
દેખ તમાશા દેખ : ૧.૦૦
: સ્કીન-૩ :
૨ સ્ટેટસ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
: સ્કીન-૪ :
૨ સ્ટેટસ્ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૦, ૬.૨૦, ૯.૩૦

### આર વર્લ્ડ

: સ્કીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્કીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્કીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
૨ સ્ટેટસ્ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્કીન-૨ :
ભતૂનાથ રિટર્ન : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
મે તેરા હીરો : ૧.૧૫, ૭.૧૫
: સ્કીન-૩ :
પોલીસ સ્ટોરી-૬ : ૧૦.૦૦, ૩.૦૦, ૧૦.૧૫
લકી કબુતર : ૧૨.૩૦, ૫.૩૦,
નમો સૌને ગમો (ગુજરાતી) : ૮.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રીતના પારખાં : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**વૃષભ** : વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થવાની સંભાવના છે. નોકરી, વ્યાપાર, પ્રસન્નતા અને આશાજનક વાતાવરણને કારણે પ્રયાસ સાર્થક થશે.

**મિથુન** : આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા.

**કર્ક** : તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે. સ્થાયી સંપતિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના છે.

**સિંહ** : ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : વાહન ખરીદવાની સંભાવના છે. પ્રયત્નોમાં સફળતા મળશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વધુ પ્રયત્ન કરવો પડશે.

**તુલા** : આપનો પ્રભાવ વધાવાથી શત્રુ પરાસ્ત થશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થવાની સંભાવના છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

**વૃશ્ચિક** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના. અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો.

**ધન** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે.

**મકર** : સ્થાયી મિલકતની ખરીદી થઈ શકે છે. મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ.

**કુંભ** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**મીન** : નાણાંકીય ક્ષેત્રે સમસ્યાઓ સંભવિ શકે છે. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસનો યોગ બને છે.

## ચિરવિદાય

- સ્વ. રબારી વાઘુભાઈ રામજીભાઈ (ઉ.વ.૪૨) સેક્ટર-૧૪, ગોકુલપુરા, ગાંધીનગર.
- સ્વ. સોલંકી ભલાજી ગલાજી (ઉ.વ.૬૪) મુ.પો. ડભોડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. રાઠોડ જયાબેન રણજીતભાઈ (ઉ.વ.૪૦), સેક્ટર-૧૩ના કાચા છાપરાં, ગાંધીનગર
- સ્વ. વિક્રમજી સુરસંગજી ઠાકોર, (ઉ.વ.૨૬) સેક્ટર-૧૫) ફતેપુરા, ગાંધીનગર